सत्यमेव जयते

કેસ રજુ તારીખ : ૧૫/૧૦/ ૨૦૨૪
કેસ દાખલ તારીખ : ૧૫/૧૦/ ૨૦૨૪
કેસ ફેસલ તારીખ : ૦૧/૦૪/૨૦૨૫

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

---

## મે.એડી. ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, અમદાવાદ(સીટી).

---

**ક્રિ.કેસ નં.૧૬૨૧૦૦/૨૦૨૪**
**આંક– ૧૦**

**ફરીયાદી :–** **સરકારશ્રી**

**વિરૂધ્ધ:**

**આરોપી :–** **દિક્ષીતભાઈ રાજેશકુમાર શાહ, (ઉ.વ.૩૩)**
રહે., ૪૦૨, સરણ ફ્લેટ, વિભાગ–૩, સારાન્સ પાર્ટી પ્લોટની બાજુમાં, વાસણા, અમદાવાદ.

**<u>ગુન્હો:</u>**– ધી બી.એન.એસ.એકટ ૨૦૨૩ ની કલમ ૧૧૫(૨), ૨૯૬ મુજબ...

---

**ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી કે.કે.યોગી**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી ડી.કે.દરબાર**

---

## –: <u>ચુ કા દો</u> :–

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૨૫/૦૮/૨૦૨૪ ના રોજ બપોરના સાડા અગિયાર વાગે પત્નીના પિયરમાં જઈને પોતાની પત્ની સાથે જમવા બાબતે બોલાચાલી કરી પત્નીને ગાળાગાળી કરી પોતાની પત્નીને મોઢા પર લાફો મારી મારામારી કરતા પોતાની સાસુ છોડાવવા

વચ્ચે પડતા સાસુ સાથે મારામારી કરી, ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ ફરિયાદીશ્રીએ વાસણા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક. અમલદારે પાર્ટ–એ ગુ. ર. નં .૧૧૧૯૧૦૬૬૨૪૦૪૪૧/૨૦૨૪ થી ફરીયાદ નોંધી, તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં, ધી બી.એન.એસ.એકટ ૨૦૨૩ ની કલમ ૧૧૫(૨), ૨૯૬ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ, આરોપીની આંક–૦૩ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહુ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી હિરલબેન વા/ઓ દિક્ષીતભાઈ શાહની સોગંદ ઉપરની જુબાની | ૦૫ |
| ૨ | સાહેદ નિરૂપાબેન કિરણભાઈ શાહની સોગંદ ઉપરની જુબાની | ૦૮ |

**દસ્તાવેજી પુરાવો :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૬ |
| ૨ | કલોજીંગ પુરસીસ | ૦૯ |

(૪) આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોવાથી, આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) ફરીયાદપક્ષે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>-:મુદ્દા:-</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૨૫/૦૮/૨૦૨૪ ના રોજ બપોરના સાડા અગિયાર વાગે પત્નીના પિયરમાં જઈને પોતાની પત્ની સાથે જમવા બાબતે બોલાચાલી કરી પત્નીને ગાળાગાળી કરી પોતાની પત્નીને મોઢા પર લાફો મારી મારામારી કરતા પોતાની સાસુ છોડાવવા વચ્ચે સાસુ સાથે મારામારી કરી, ધી બી.એન.એસ.એકટ ૨૦૨૩ ની કલમ ૧૧૫(૨), ૨૯૬ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.૧:-**

આ કામે ઉપરોકત રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન ધી બી.એન.એસ.એકટ ૨૦૨૩ ની કલમ ૧૧૫(૨), ૨૯૬ મુજબના ગુનાના આવશ્યક તત્વો ધ્યાને રાખીને કરવામાં આવેલ છે.

(૮) ભારતીય પુરાવા ધારા કલમ-૩ તથા ૧૬૫ ના પ્રબંધો ધ્યાને લેવામાં આવે તો પુરાવાના કાયદાથી પ્રસ્તુત જાહેર કરેલ હકિકતોના આધારે અદાલતે ફેંસલો આપવો જોઈએ. આ કામે પુરાવાનું મુલ્યાંકન ભારતીય પુરાવા ધારા કલમ-૧૦૧ થી ૧૧૫ ના પ્રબંધો મુજબ કરવામાં આવેલું છે. ફોજદારી ઈન્સાફી કાર્યવાહીનો સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ ભારતીય પુરાવા ધારાની કલમ-૩ માં જણાવ્યા પ્રમાણે સાબીત તથા ના-સાબીતની વ્યાખ્યાઓ મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબીત કરવો પડે અને જો ફરીયાદપક્ષના કેસમાં કોઈપણ પ્રકારની શંકા ઉભી થાય તો તેનો સીધો લાભ આરોપીને મળે અને આરોપી જો તેમનો બચાવ સાબીત કરવો હોય તો તેઓએ તેમનો બચાવ પ્રિ-પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત મુજબ સાબીત કરવો જોઈએ અને જો કોઈ કેસમાં આરોપીપક્ષે બચાવ લેવામાં આવેલ ન હોય કે નબળો બચાવ કરવામાં આવેલ હોય તો તેથી તેનો લાભ ફરીયાદપક્ષને મળે નહી અને વ્યાજબી શંકાથી પર ફરીયાદપક્ષનો કેસ સાબીત થાય નહીં અને જેથી ફરીયાદપક્ષે તેમનો કેસ સાબીત કરવા અંગે સાબીતીનો ભાર હંમેશા ફરીયાદપક્ષ ઉપર જ રહે છે તે કયારેય આરોપીપક્ષ ઉપર આવતો નથી. આ કામે રેકર્ડ જોતા આરોપી પક્ષે ઈ.પી.કો.ક.૭૬ થી ૧૦૬ મુજબનો કોઈ સ્પષ્ટ બચાવ આ કામમાં લેવામાં આવેલ નથી અને જેથી ભારતીય પુરાવા ધારાની કલમ-૩, ૧૦૧ થી ૧૧૫ ના પ્રબંધો ધ્યાને લઈ સદર કામમાં પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Jayantilal Kuberdas Sharma vs State of Gujarat ((2007) 1 GLR 99) માં ઠરાવેલ છે કે,

The Court must bear in mind the set up and the circumstances in which the crime is committed, the quality of evidence, nature and temperament of the witnesses, the level of understanding and power of perception and examination of individual witness and probability in ordinary course of nature about the act complained of as might have been witnessed by the witnesses.

ઉપરોકત સિધ્ધાંત મુજબ રજુ પુરાવાનું મુલ્યાંકન કરી નિર્ણય લેવો જોઈએ.

(૯) સદર કામે ફરીયાદપક્ષે આંક–૦૫ થી રજુ થયેલ ફરિયાદી હિરલબેન દિક્ષીતભાઈ શાહની સોગંદ ઉપરની સરતપાસ જુબાની તેમજ ઉલટતપાસ જોતા તેઓએ ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓએ પોતાની સરતપાસમાં બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ અને તે સિવાય કંઈ બનેલ નહિ હોવાનું જણાવતાં તેઓને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી પરવાનગીથી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતા તેઓએ ફરીયાદને સમર્થનકારક કોઈ મહત્વની હકીકત જણાવેલ નથી. જયારે બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં પણ હાલના આરોપી વિરૂધ્ધની કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૦) સદર કામે ફરીયાદપક્ષે આંક–૦૮ થી રજુ થયેલ સાહેદ નિરૂપાબેન કિરણભાઈ શાહની સોગંદ ઉપરની સરતપાસ જુબાની તેમજ ઉલટતપાસ જોતા તેઓએ ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓએ પોતાની સરતપાસમાં બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ અને તે સિવાય કંઈ બનેલ નહિ હોવાનું જણાવતાં તેઓને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી પરવાનગીથી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતા તેઓએ ફરીયાદને સમર્થનકારક કોઈ મહત્વની હકીકત જણાવેલ નથી. જયારે બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં પણ હાલના આરોપી

વિરૂધ્ધની કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૧) તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો લક્ષમાં લેતાં આરોપી વિરૂધ્ધ ફરિયાદી સાથે બોલાચાલી કરી, ગાળાગાળી કરી, મોઢા પર લાફો મારી, તેમજ ફરિયાદી તથા સાહેદ સાથે મારામારી કરી, ગુનો કર્યાનો આરોપ છે. ફરિયાદીશ્રી હિરલબેન દિક્ષીતભાઈ શાહ તથા સાહેદ નિરૂપાબેન કિરણભાઈ શાહ નાઓએ અનુક્રમે આંક–૦૫, આંક–૦૮ થી પોતાની જુબાની આપેલ છે, તેઓ બન્ને હાલના કામે ફરી ગયેલા જાહેર થયેલા છે અને હાલના આરોપી વિરૂધ્ધની કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી.

પ્રોસિકયુશન તરફે આંક–૦૯ થી એ.પી.પી.શ્રી મારફતે પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. વધુમાં, ૧૯૯૬(૩) ક્રાઈમ પાના નંબર–૮૫ સતીષ મહેરા – વિરૂધ્ધ –દિલ્હી એડમીનીસ્ટ્રેશનનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદા મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ નિરીક્ષણ કરેલ છે કે, When Judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date. તે તમામ હકીકતો ધ્યાને લઈ ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –: **આખરી હુકમ** : –

આ કામના **આરોપી : દિક્ષીતભાઈ રાજેશકુમાર શાહ, (ઉ.વ.૩૩)** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૭૮(૧) અન્વયે **ધી બી.એન.એસ.એકટ ૨૦૨૩ ની કલમ ૧૧૫(૨), ૨૯૬** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૪૮૧ અન્વયે વધુ ૬ માસના સમયગાળા માટે અપીલ કોર્ટમાં હાજર રહેવા સારૂં ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. અગાઉના જામીન ઉપલબ્ધ ન હોય તો નવા જામીન આપવાના રહેશે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૫
અમદાવાદ.

(સનત જયંતિલાલ પંચાલ)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી).(જી.જે.૦૦૮૬૪)

P.A.(Grade-II),
Kalpesh Koshti